સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

છલકાય ન આછકલાઇ, સાચવતાં શીખો!
સત્ય, ન્યાય, નીતિ અને નિષ્ઠા, સાચવતાં શીખો!
સાચવતાં શીખો ગાંભીર્ય, દરિયાવ દિલથી -
પદ અને પ્રચારની પ્રતિષ્ઠા, સાચવતાં શીખો!

હાઈકુ

કર્યા'તા યજ્ઞો,
રાવણ-મેઘનાદે,
છતાં ય હાર્યા!!
(ગુપ્ત સાધના)

મેદાને નહીં!
રમાય છે રમત -
ડ્રેસીંગ રૂમે..
(પરિણામ પછીના ખેલ)

ચિંતન

પરસ્ય પીડયા લબ્ધં ધર્મસ્યોલ્લંઘનેન ચ । આત્મવમાન સંપ્રાપ્તં ન ધનં તત્ સુખાય વૈ ॥

'જે સંપત્તિ-ધન-વૈભવ બીજાને પીડા આપીને કોઇનું શોષણ કરીને પ્રાપ્ત કરી હોય તે, અથવા ધર્મનું ઉલ્લંઘન કરીને અર્થાત્ અધર્મ-પાપ-કર્તવ્ય-ફરજ-નિષ્ઠાનું ઉલ્લંઘન કરીને (બે નંબરી આવક) મેળવી હોય, કે પોતાના માન-જાતિ અભિમાન-ગૌરવ-સન્માનને ગિરો મૂકી અવમાનના સહન કરીને પણ મેળવી હોય, એટલે કે (આત્મ સન્માનના ભોગે) એવી સંપત્તિ કદાપિ સુખ-શાંતિ આપી શકતી નથી.'

આજના કલિયુગ કાળમાં બધાને ટૂંકા રસ્તે સિદ્ધિ-સમૃદ્ધિ પ્રાપ્ત કરવી છે ચોરી-લૂંટ-અપહરણ-ખંડણી-ચેન-અછોડા તોડી જવા, હાથમાં કોઇનાં પરિશ્રમની મૂડી ઝૂંટવી લેવી જેવા કિસ્સા રોજ બનતાં રહે છે. આ અધર્મ-પાપની કમાઇ છે બીજાનું શોષણ-દુભવી ને કરેલી કમાણી અંતે નૂકશાન કારક છે.

આવી રીતે એકત્ર કરેલ કમાણી કરનારાનાં સંતાનો દુરાચારી થાય, ઘરમાં રોગ-કંકાસ-વિખવાદ હોય, સમૃદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં ઊંઘ-આરામ ખાઇ-પી નથી શકતા. મહેનત-આત્મસન્માન-સિદ્ધાંત સાચવીને જે જે લક્ષ્મી મળે તે સુલક્ષ્મી કહેવાય.

સુવિચાર

- પ્રકાશની શ્રદ્ધાપૂર્વકની પ્રતીક્ષા અને પ્રકાશ સાધવાની અવિરત સાધના!! કેવળ પ્રતિક્ષા કર્યાથી પ્રકાશ ન મળે..!! પ્રકાશની પ્રતીક્ષા સાથે, પ્રકાશની તલાશ અને સાધનાનો પાલવ મજબૂત હાથે પકડી રાખવો પડે **- જ્ઞાનસૂત્ર**
- સમગ્ર દુનિયાની સુધારણા ભલે શક્ય ન હોય, માણસ પોતાના અંતઃકરણનો બાદશાહ તો છે જ... જેની સુધારણા માટે એણે કોઇની પરવાનગી લેવાની હોતી નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- સંન્યાસ એ વેશાન્તર નથી, પરંતુ એ અંતરાત્માનું રૂપાંતરણ છે, સંન્યાસ જીવનનો ત્યાગ નથી પરંતુ જીવવાનો વિશુદ્ધ પરમ ભોગ છે **- ઓશો**
- ભગવાનને પોતાનું કામ કરવાને માટે તમારી જ જરૂર છે, એવું સમજીને જીવો **- મીરદાદ**
- ધિક્કારનાં બીજ વાવીને ધરતીને ધન્ય બનાવવાનું શક્ય નથી, ધિક્કારની પરોણાગત કરીને જીવનને પણ ધન્યતા કદી પ્રાપ્ત ન થાય **- ઉમાશંકર જોશી**
- 'સંબંધ' એ તિર્થભૂમી છે. જ્યાં દાતા બનીને વિહરી શકાય, ભિખારી બનીને નહીં, સંબંધમાં 'યાચના' કે અપેક્ષાના ઉપાસક બનશો, તો ઉપેક્ષા અને અપાન-નિરાશ અને અંસતોષ પ્રાપ્ત થશે **- માનસસૂત્ર**
- હૃદયની સંકુચીતતા મહાભારત જન્માવે છે, અને હૃદયનો વિસ્તાર ગીતા જન્માવે છે **- જન કલ્યાણ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજકાલ સંપ્રદાયિક-બીનસાંપ્રદાયિકતાની દોરડાં ખેંચમાં 'હિંદુત્વ' મુશ્કેલીમાં છે બીનસંપ્રદાય એ મુસલમાન-ખ્રિસ્તીની તરફેણ અને સાંપ્રદાયિક એટલે હિંદુઓ-હિંદુ સંસ્કૃતિની તરફેણ આ ગણિત કેવું?!

અમેરિકામાં હિંદુ સંસ્કૃતિનો ડંકો વગાડી શ્રી વિવેકાનંદ દક્ષિણ કન્યાકુમારીમાં ભારતમાં પગ મૂક્યો. ત્રાવણકોર આખું શહેર એમનાં સ્વાગત માટે ઉમટ્યું.

એક મોટા રથમાં વિવેકાનંદને બેસાડ્યા અને રથયાત્રા કાઢી-એમાં અશ્વોની જગ્યાએ માણસો જોડાયા અને લાંબા દોરડાં બાંધી રથ ખેંચી, લોકો સેવાનો સંતોષ લેતા હતા. ત્રાવણકોરનાં રાજા પણ પોતાના રથમાંથી ઉતરી દોરડું ખેંચવા લાગ્યા.

દિવાન અને દરબારીઓને આ ગમ્યું નથી. એટલે વિવેકાનંદજીને જ કહ્યું કે મહારાજાને આપ જ સૂચના આપો કે એમનાથી આવું કાર્ય ન થાય! આ અયોગ્ય કહેવાય.

વિવેકાનંદ બોલ્યા - તમારી સમજ ખોટી છે મહારાજ મારો રથ નથી ખેંચતા. એ હિંદુ ધર્મ અને સંસ્કૃતિનો રથ ખેંચે છે. સત્તા અને રાજાઓ જ જો આવું, સંસ્કૃતિ સાચવવાનું ઉમદા કાર્ય કરશે તો જ 'હિંદુ ધર્મ' અંગ્રેજી સુનામી સામે ટકી શકશે...! દરબારીઓ ચૂપ થઇ ગયા..

Email - sureshchandrabhatt18@gmail.com

ચૂંટણીના મતદાનના કેટલા સમય પહેલાં ચૂંટણી અંગેનો જાહેર પ્રચાર બંધ કરાય છે?

ખજાનો

ડો. અનિલ પટેલ

વિષય : ભારતીય રાજનીતિ

(૧) ભારતમાં સર્વપ્રથમ રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કયારે કરવામાં આવી હતી?
(અ) ૨૬ ઓકટો,૧૯૬૨ (બ) ૨૬ જાન્યુ, ૧૯૬૨
(ક) ૨૬ સપ્ટે. ૧૯૬૨ (ડ) ૨૬ ડીસે.૧૯૬૨

(૨) કેન્દ્રસરકારના મંત્રીમંડળમાંથી રાજીનામું આપવા માટે મંત્રીએ પોતાનું રાજીનામું આપવું પડે છે ?
(અ) વડાપ્રધાન (બ) લોકસભાના અધ્યક્ષ
(ક) રાષ્ટ્રપતિ (ડ) રાજયસભાનાં અધ્યક્ષ

(૩) ભાષાના આધારે રચાયેલું ભારતનું પ્રથમ રાજય કયું છે?
(અ) આંધ્રપ્રદેશ (બ) ગુજરાત
(ક) મહારાષ્ટ્ર (ડ) ઓરિસ્સા

(૪) નીચેનામાંથી કઇ સંસ્થા બંધારણીય નથી?
(અ) રાષ્ટ્રીય વિકાસ પરિષદ (બ) આયોજન પંચ
(ક) નાણાપંચ (ડ) ત્રણમાંથી એક પણ નહીં

(૫) ચૂંટણીના મતદાનના કેટલા સમય પહેલાં ચૂંટણી અંગેનો જાહેર પ્રચાર બંધ કરાય છે?
(અ) ૨૪ કલાક (બ) ૧૨ કલાક
(ક) ૪૮ કલાક (ડ) ૩૬ કલાક

(૬) સંસદમાં ભારતીય રાષ્ટ્રપતિ પર મહાભિયોગ એ એક...
(અ) ન્યાયીક પ્રક્રિયા છે (બ) અર્ધ ન્યાયીક પ્રક્રિયા છે
(ક) કાયદાકીય પ્રક્રિયા છે (ડ) અર્ધ કાયદાકીય પ્રક્રિયા છે

(૭) નીચેનામાંથી કયા રાજયમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે લોકસભામાં અનામત બેઠક નથી?
(અ) અરૂણાચલ પ્રદેશ (બ) જમ્મુ અને કાશ્મીર
(ક) મેઘાલય (ડ) ઉપરનાં ત્રણએ

(૮) સંસદમાં જીરો અવર્સ કયારે શરૂ થાય છે?
(અ) પ્રશ્નકાળ પુરો થયા પછી (બ) સંસદ શરૂ થાય તરત
(ક) બપોરના વિરામ બાદ (ડ) સંસદ સમાપ્તીનો છેલ્લો કલાક

(૯) ભારતના વડાપ્રધાનનો હોદ્દો કોણ સર્જયો છે?
(અ) બંધારણ (બ) પરંપરા
(ક) સુપ્રિમ કોર્ટ (ડ) વડાપ્રધાન

(૧૦) રાજયપાલ પોતાના હોદ્દાનું રાજીનામું કોને ઉદ્દેશીને આપે છે?
(અ) મુખ્યમંત્રી (બ) રાષ્ટ્રપતિ (ક) ઉપરાષ્ટ્રપતિ (ડ) વડાપ્રધાન

(૧૧) સીટીબીટી કોની સાથે સંબંધિત છે?
(અ) રમત-ગમત (બ) જંતુનાશક
(ક) અણુશસ્ત્રો (ડ) પ્રદૂષણ

(૧૨) રેડ એલર્ટ કોને કહેવાય છે ?
(અ) પોલીસ એલાર્મ (બ) ઈન્ટરપોલની કામગીરી
(ક) આગ લાગવાની ચેતવણી (ડ) સીબીઆઈ દરોડા

(૧૩) ભારતીય ગણતંત્રે મોર્યવંશનું કયું પ્રતિક અપનાવેલ છે?
(અ) ગુલાબ (બ) કમળ
(ક) રથનું પૈડું (ડ) ચાર ઊભા સિંહ

(૧૪) શાર્કનું સચિવાલય કયાં છે ?
(અ) દિલ્હી (બ) ઢાકા
(ક) ઈસ્લામાબાદ (ડ) કાઠમડું

(૧૫) સંસદ સભ્યોના વેતન અંગેનો નિર્ણય કોણ કરે છે ?
(અ) સંસદ (બ) રાષ્ટ્રપતિ
(ક) વડાપ્રધાન (ડ) લોકસભાના અધ્યક્ષ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૨ મે ૧૯૪૭ સર જેમ્સ ડાયસન-ઈંગ્લીશ એન્જીનીયર, ડ્યુઅલ સાયકલોન બેગલેસ વેક્યુમ ક્લીનરનાં શોધક
- ૨ મે ૧૯૦૪ એમીલ હરી-અમેરિકન એન્થોપોલોજીસ્ટ
- ૨ મે ૧૯૦૩ બેન્જામીન સ્થોક-અમેરીકન પેડ્રીયાટ્રીશીયન
- ૩ મે ૧૯૩૩ સ્ટીવન વેઈનબર્ગ-અમેરિકન ન્યુક્લીયર ભૌતિકશાસ્ત્રી, ૧૯૭૯માં નોબેલ પારિતોષિક વિજેતા, ઈલેકટ્રોવીક થિયરીનાં શોધક
- ૩ મે ૧૯૦૨ આલ્ફર્ડ કેસ્ટલર-ફ્રેન્ચ ભૌતિક શાસ્ત્રી, ૧૯૬૬માં નોબલ પારિતોષિક વિજેતા
- ૩ મે ૧૮૯૨ સર જયોર્જ પાગેટ થોમ્સન-અમેરિકન ભૌતિકશાસ્ત્રી, ૧૯૩૭માં નોબેલ પારિતોષિક વિજેતા, સર જે.જે. થોમ્સના પુત્ર
- ૪ મે ૧૯૨૬ ડી.એલન.બ્રોમલી-કેનેડીયન-અમેરીકન ભૌતિકશાસ્ત્રી- 'ફાધર ઓફ મોર્ડન આયન સાયન્સ'
- ૪ મે ૧૮૯૯ ફીત્ઝ વોન-ઓપલ-જર્મન ઓટોમોટીવ ઈન્ડ્રીયાલીસ્ટ
- ૪ મે ૧૮૭૪ ફ્રેન્ક કોનાર્ડ-અમેરિકન ઈલેકટ્રીક એન્જીનીયર રેડીયોટેલીફોની પર વિશેષ કામ કરનાર વૈજ્ઞાનિક
- ૫ મે ૧૯૨૧ આર્થર એસ. સ્કાવલોવ- અમેરિકન ભૌતિકશાસ્ત્રી- ૧૯૮૧માં નોબલ પારિતોષિક વિજેતા. લેસર સ્પેક્ટ્રોસ્કોપીના શોધક
- ૫ મે ૧૮૬૧ પીટર કૂપર હેવીટ્ટ - અમેરિકન ઈલેકટ્રીકલ એન્જીનીયર-મર્કયુરી-વેપર લેમ્પનાં શોધક
- ૫ મે ૧૮૨૦ એલ્કનાહ બિલીંગ્સ-કેનેડીયન જુઓલોજીસ્ટ
- ૬ મે ૧૯૨૯ પૌલ લુટરબર - અમેરીકન કેમીસ્ટ, ૨૦૦૩માં મેડીકલ ક્ષેત્રનું નોબલ પારિતોષિક વિજેતા, 'કન્સર્નીંગ મેગ્નેટીક રીઝોનન્સ ઈમેજીંગ'નાં શોધક
- ૬ મે ૧૯૧૬ રોબર્ટ હેનરી ડીક - અમેરીકન ભૌતિકશાસ્ત્રી, માઈક્રોવેવ, કોસ્મોલોજી અને રિલેટીવીટી પર સંશોધન.
- ૬ મે ૧૯૦૮ જેક એલન - કેનેડીયન ભૌતિક શાસ્ત્રી
- ૭ મે ૧૯૩૭ સિડની એલ્થમ - કેનેડીયન-અમેરીકન મોલેક્યુલર બાયોલોજીસ્ટ, ૧૯૮૯માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૭ મે ૧૯૧૩ સિમોન રામો-અમેરીકન એન્જીનીયર ઈલેકટ્રોનીક્સમાં સંશોધન
- ૭ મે ૧૯૧૧ રેમન્ડ ઓર્થર લીટલટન-ઈંગ્લીશ મેથેમેટીશીયન અને ખગોધવિદ
- ૮ મે ૧૯૪૫ એન્ડ્રયુ સેરાટ્ટ - ઈંગ્લીશ આર્કીઓલોજીસ્ટ, ખેતીક્ષેત્ર સંશોધન.
- ૮ મે ૧૯૨૬ સર ડેવીડ એટનબર્ગ - અંગ્રેજ પર્યાવરણવિદ
- ૮ મે ૧૯૦૨ એન્ડ્રે માઈકલ લૉફ - ફ્રેન્ચ બાયોલોજીસ્ટ
- ૯ મે ૧૯૨૭ એન્ડ્રે ફ્રેડ ઈંજન - જર્મન ભૌતિકશાસ્ત્રી અને બાયોકેમીસ્ટ, ૧૯૬૭માં નોબલ પ્રાઈઝ વિનર
- ૯ મે ૧૯૦૧ બોરીસ ઈફયુસી - રશિયન-ફ્રેન્ચ બાયોકેમીસ્ટ અને જીનેટીસ્ટ
- ૯ મે ૧૯૭૩ હાવર્ડ ચાર્ટર -ઈજીપ્યોલોજીસ્ટ, ઈજીપ્તના શિલ્પ, હિસ્ટરી વગેરે પર સંશોધન

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - 'જય જવાન, જય કિશાન, જય વિજ્ઞાન' સૂત્ર કયા પૂર્વ પ્રધાનમંત્રી એ આપ્યું હતું?

જવાબ - અટલ બિહારી વાજયેપી

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો
(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) મૂળજીભાઈ પરમાર દધિ : સે-૭બી
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) આકાશ જી. પટેલ : સે-૨૩
(૫) રેખા. એમ. જાદવ : સે-૩૦

આ સપ્તાહનો સવાલ

દક્ષિણ ભારતના જાણીતા નેતા 'ચિરંજીવી' કઇ પાર્ટીના નેતા છે?

આપના સાચાં જવાબ સાત દિવસમાં મોકલવામાં માટેનું સ્થળ
ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

મ (૫૬) ક (૨૬) ૬ (૬૬) મ (૮૬) મ (૮૬)
ક (૬૬) મ (૦૬) મ (૭) મ (૭) મ (૭) મ (૩) ૬ (૫) મ (૨) મ (૬) ક (૮) મ (૬)

ક્યાં-કેટલી બેઠકો પર ભાજપ જીતશે? : રસપ્રદ વિશ્લેષણ

ગરવા ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરનાર ગણ્યા ગાંઠ્યા ગુજરાતના નાથમાંના એકમેવ, આગવા ન.મો. કહેતા નરેન્દ્ર મોદીએ ગુજરાત મોરી મોરી રે... ની ધૂરા તો સુપેરે સંભાળી પણ અખંડ ભારત વર્ષની ધૂરા સંભાળવી તેમના માટે અશક્ય તો નહીં પરંતુ અઘરી તો ઘરી જ!

જાતકની જળતત્વની સ્થિર સ્વભાવ ધરાવતી વૃશ્ચિક લગ્ન અને ચંદ્ર કુંડળીમાં મન પર પ્રભુત્વ ધરાવનાર ભાગ્યેશ ચંદ્ર, સ્વગૃહી, બળવાન લગ્નેશ મંગળ - સાહસ પરાક્રમનો કારક - સાથે યુતિમાં છે. (કુંડળી નં.૧) જાતકના શરીર, મન અને વ્યક્તિત્વ ત્રણેય સુદેઢ, બળવાન છે વૃશ્ચિક રાશિ લડાયક રાશિ છે તેથી જાતક જુસ્સાદાર, લડાયક અને મક્કમ મનોબળ ધરાવનાર હોય. લગ્નેશ મંગળ સ્વગૃહી હોઇ ઘણો બળવાન થાય છે. બળવાન વ્યક્તિ જ રાજય ધૂરા-દેશની ધૂરા યોગ્ય રીતે વહન કરી શકે. પરંપરાગત રાજવીઓ કરતા નવા પ્રકારના લોકતંત્રમાં વિશેષ શક્તિશાળી વ્યક્તિઓની અપેક્ષા રહે છે.

જાતકની જન્મ-ચંદ્ર કુંડળીમાં ભાગ્યેશ ચંદ્ર વૃશ્ચિક રાશિમાં સ્વગૃહી ભળવાન લગ્નેશ મંગળ સાથે નીચનો, સૂર્ય-ચંદ્ર વચ્ચે ત્રિએકાદશ યોગ, તેથી જાતક ભૌતિકવાદી થઇને રાજયને અને રાષ્ટ્રને સંપન્ન સુખી બનાવે.

કેન્દ્રમાં ભાજપા સરકાર : આગાહી

- ભાસ્વાન આર. રાવલ

ગ્રહોનો રાજા સૂર્ય સત્તા-રાજકારણનો કારક, કર્મેશ થઇને સ્વગૃહી લાભેશ બુધ સાથે દશમેશ સૂર્ય રાજસત્તાનો કારક થઇને સ્વગૃહી કાર્ય કુશળતા ધરાવે. દસમ ભાવમાં શનિ સિંહસ્થ અસ્ત રાખિઓ, પરંતુ દશમેશ સૂર્ય રાજસત્તાનો કારક થઇને સ્વગૃહી લાભેશ બુધ સાથે યુતિમાં અને રાજસત્તાનો કારક મંગળ પણ લગ્નેશ તરીકે સ્વગૃહી તેથી કુંડળી ઘણી મજબૂત બને છે નવ માસ (કુંડળી નં. ૨, કોઠા મુજબ)માં શુક્ર વર્ગોત્તમી બને છે. કર્મેશ શુભ હોઇ રાજર્તા તરીકેનો વહીવટ ઘણો લોકપ્રિય સુખકર નીવડે. લોકચાહના પ્રાપ્ત થઇ શકે. કુંડળીમાં ભાગ્યેશ ચંદ્ર, ધનેશ-પંચમેસ ગુરૂ કેન્દ્ર સ્થ તેની બળવાન રાજયોગ-અખંડ સામ્રાજય યોગ થાય છે. આ સાથે નીચે દર્શાવેલ કોઠામાં જાતકની જન્મ-ચંદ્ર કુંડળી, નવમાંશ કુંડળી, તા. ૩૦/૦૪/૨૦૧૪, (ગુજરાત લોકસભાની ચૂંટણી તારીખ), ૧૨-૦૫-૨૦૧૪ (બનારસ



લોકસભાની ચૂંટણી તારીખ) અને તા. ૧૬/૦૫/૨૦૧૪ (ચૂંટણી પરિણામની તારીખ) ના ગોચર ગ્રહો દર્શાવ્યા છે.

જાતકનો જન્મ શનિની મહાદશામાં થયો. ૧૪/૧૨/૨૦૧૧ થી તા. ૧૪/૧૨/૨૦૧૪ એ વારાણસીની ચૂંટણી (કુંડળી નં. ૪, કોઠા મુજબ) અને પરિણામ (કુંડળી નં.૫, કોઠા મુજબ) આવી જાય છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્ય મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય.
જન્મ તારીખ: ૧૭-૦૯-૧૯૫૦ જન્મ સમય: સવારે ૧૧.૦૦ કલાકે જન્મ સ્થળ: વડનગર (ઉ. ગુ.)
અક્ષાંશ: ૨૩° ૪૮ કળા, રેખાંશ: ૭૨° ૩૬ કળા, રેખાંતર: (-)૩૯ મિ. ૩૬ સે.

ગ્રહો	જન્મ-ચંદ્ર લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ	કેતુ	હર્ષલ	નેપ્ચ્યુન	પ્લુટો
જન્મ - રાશિ કુંડળી (કુંડળી નં.૧)	૮	૬	૮	૮	૬	૧૧	૫	૫	૧૨	૬	૩	૬	૪
વક્રી					વક્રી	વક્રી			વક્રી	વક્રી			
નવમાંશ કુંડળી (કુંડળી નં.૨)	૪	૧૦	૬	૪	૧૦	૮	૫	૯	૫	૧૧	૧૧	૪	૧૧
વક્રી					વક્રી	વક્રી			વક્રી	વક્રી			
ગોચર રાશી													
૩૦/૦૪/૨૦૧૪ (કુંડળી નં.૩)	૮	૧	૧૨ (૧૫.૨૭ળી)	૬	૧	૩	૧૨	૭	૭	૧	૧૨	૧૧	૯
વક્રી				વક્રી				વક્રી	વક્રી	વક્રી			વક્રી
૧૨/૦૫/૨૦૧૪ (કુંડળી નં.૪)	૮	૧	૬	૬	૨	૩	૧૨	૭	૭	૧	૧૨	૧૧	૯
વક્રી				વક્રી				વક્રી	વક્રી	વક્રી			વક્રી
૧૬/૦૫/૨૦૧૪ (કુંડળી નં.૫)	૮	૨	૮	૬	૨	૩	૧૨	૭	૭	૧	૧૨	૧૧	૯
વક્રી				વક્રી				વક્રી	વક્રી	વક્રી			વક્રી

તા. ૩૦/૦૪/૨૦૧૪ ના રોજ દક્ષિણ ગુજરાતની - નવસારી, વલસાડ, બારડોલી, સુરત, વડોદરા, ભરૂચ અને છોટા ઉદેપુર બેઠકો ઉપર જાતકની શક્યતા નકારી શકાય નહીં કારણ કે જાતકની કુંડલીમાં દક્ષિણ દિશામાં જન્મનો શુભ ગ્રહ શુક્ર છે જેની પ્રત્યંત્તર દશા પણ તા. ૨૯/૦૪/૨૦૧૪ થી ચાલુ થાય છે જે તા. ૦૧/૦૮/૨૦૧૪ સુધી

દક્ષિણ-પશ્ચિમ (નૈરુત્વ ખૂણામાં) દિશામાં સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, જૂનાગઢમાં પણ જીતની શક્યતા નકારી શકાય નહીં કારણ કે જાતકની કુંડળીમાં નૈરુત્વ ખૂણામાં ગોચર ગુરૂનું ભ્રમણ ચાલે છે જે આકસ્મિક અણધાર્યા લાભ કરાવી જાય તેમ બને આમ છતાં જન્મનો હર્ષલ જૂનું તોડી નવસર્જન કરે તે નિયમ મુજબ સૌરાષ્ટ્રમાં અગાઉ હોય તેનાથી કાંઇક નવું બને, પરિવર્તનનો પવન ફૂંકાય.

પશ્ચિમ દિશામાં રાજકોટ, જામનગર, પોરબંદર, સુરેન્દ્રનગરમાં બપોર સુધી મેષનો ચંદ્ર છઠ્ઠે ખાડામાં પરંતુ બપોરે કલાક ૧૫.૨૭ મિનિટથી વૃષભનો ચંદ્ર ઉચ્ચનો થતાં જાહેર જીવનમાં ખૂબ ઝડપથી ફેરફાર લાવી દે, જન્મના શનિની દસમી દૃષ્ટિ અને જન્મના સ્વગૃહી મંગળની સાતમી દૃષ્ટિ ગોચર ચંદ્ર ઉપર, તેથી આકસ્મિક ફેરફારો થાય, હકારાત્મક પરિણામની આશા રાખી શકાય કારણ કે મહાદશા પણ ચંદ્રની ચાલે છે.

ઉત્તર પશ્ચિમે વાયવ્ય ખૂણે કચ્છના રણની ધગધગતા લાવા જેવી, વૈશાખી વાયરાની લૂ લાગતી ધરા ઉપર મેષનો ઉચ્ચનો ગોચરનો સૂર્ય ગોચર બુધ સાથે યુતિમાં, સત્તા, પદ, હોદ્દો, અપાવ્યા વગર ના રહે પરંતુ વ્યવસ્થા ગોચર રાહુની સીધી દૃષ્ટિ ગોટાળાનાં સર્જે તેનું ધ્યાન સતત રાખવું પડશે. તે જ રીતે ગોચર શનિની દૃષ્ટિ કોર્ટ કચેરીના ધક્કા ના ખવડાવે તેનું ધ્યાન રાખવું પડશે. કચ્છમાં શનિની દૃષ્ટિને કારણે ધીમી છતાં મક્કમ ગતિએ મતદાન આગળ વધશે અને સાંજ સુધીમાં બાજીને જીત તરફ લઈ જશે. ગોચર ગુરૂ અને હર્ષલ પણ નૈરુત્વ ખૂણે સારો ભાગ ભજવી જાય કારણ કે શુક્ર મીનમાં ઉચ્ચનો શુભ થાય છે. અલબત્ત જન્મનો રાહુ પાંચમે છે તેથી વિજય પતાકા લહેરાવવામાં કયાંક ગોટાળા ના કરે તેનું ધ્યાન-સાવચેતી રાખવી આવશ્યક છે.

ઉત્તર દિશામાં બનાસકાંઠા, મહેસાણા, પાટણ અને ગાંધીનગરમાં કુંડળીમાં ચોથે જન્મનો ગુરૂ વક્રી છે અને ગોચરના ગુરૂની પણ નવમી દૃષ્ટિ ચોથે ઉત્તર દિશામાં જન્મના ગુરુ ઉપર તેથી કોઇ વડીલ વ્યક્તિ-ગુરૂ સમાન-ના આશીર્વાદથી સફળતા મળે તેમ છે. અને **OBVIOUSLY** ન.મો.ના માતુશ્રી તો ઉત્તરે વડનગરમાં બિરાજમાન છે જ, મા ના આશિર્વાદથી રૂડું શું? મા ના આશીર્વાદ લઈ આગળ વધતા ઉત્તરના સીમાડા સુધી જીત હી જીત જ દેખાય છે.

ઉત્તર - પૂર્વમાં ઈશાન ખૂણે અરવલ્લીની ગિરિમાળામાં સમાયેલ સાબરકાંઠામાં ગોચરનો વક્રી પ્લુટો ભજવે છે. પ્લુટો ગોચર ગુરૂ તથા શનિની દૃષ્ટિ અને જન્મના હર્ષલથી પણ દૃષ્ટ્ર, વક્રી ગોચર મંગળથી પણ ઈશાન ખૂણો દૃષ્ટ્ર, તેથી લોહિયાળ ક્રાંતિ ના થાય તેનું ધ્યાન રાખવું પડશે. અણધાર્યા આકસ્મિક ફેરફારો થાય, સા. કાં. જીત મેળવવી અઘરી થઈ પડશે.

પૂર્ણ દિશામાં પંચમહાલ - દાહોદ, ખેડા જીલ્લામાં જન્મકુંડળીમાં લગ્નમાં રહેલા મંગળ - ચંદ્રની યુતિ બહુ મોટો ભાગ ભજવશે. ચંદ્રની મહાદશામાં ગોચરનો ચંદ્ર વૃષભનો ઉચ્ચનો જન્મના ચંદ્ર સાથે પ્રતિયુતિમાં, શુભત્વ વધી જાય છે. છતાં ગોચર શનિથી અર્ધ પાપકર્તરીમાં સદર ભાવ આવી જાય છે. તેથી આ પ્રાંતમાં જીત મેળવવી અઘરી થઈ પડે.

પૂર્વ-દક્ષિણ દિશામાં અગ્નિ ખૂણામાં આણંદની બેઠક ઉપર શનિ-રાહુ અને મંગળની ભીંસ વધતી જાય છે. રાહુની અંતર્દશા પણ ચાલુ છે તેથી સદર બેઠક ઉપર ગોટાળ ના સર્જાય તેનું ધ્યાન રાખવું પડશે.

મધ્ય ગુજરાતની અમદાવાદ પૂર્વ અને અમદાવાદ પશ્ચિમની બેઠકો ઉપર જન્મનાં મંગળ-ચંદ્ર, ગુરૂ, શનિ, શુક્ર અને ગોચરનો ચંદ્ર વૃષભનો ઉચ્ચનો મૂળભૂત ભાગ ભજવશે. તે દિવસની દશાઓ ચંદ્રમાં - રાહુમાં - શુક્રની પ્રત્યંતર દશા ભાગ ભજવશે તેથી પરિણામમાં વાંધો નહીં આવે.

ગુજરાત માટે અંતમાં એટલું જ કે **OVERALL** ન.મો.ના ગરવા ગુજરાતની લોકસભાની ૨૬માંથી ૨૦ થી ૨૨ બેઠકો ઉપર ભારતીય જનતા પાર્ટીનું પ્રભુત્વ રહે અને જીતની શક્યતા નકારી શકાય નહીં.

ન.મો. એ ભારતવર્ષની ઉત્તરે પૂર્વે ઈશાન ખૂણે આવેલ વારાણસી - કાશી - બનારસમાં ઉમેદવારી નોંધાવી છે. ન.મો.ની જન્મ કુંડલીના ગ્રહો, તા. ૧૨-૦૫-૨૦૧૪ ના ગોચર ગ્રહો અને મહાદશા-અંતર્દશા-પ્રત્યંત્તર દશા મુજબ ધન રાશિનો ગોચર વક્રી પ્લુટો જન્મના હર્ષલથી અને ગોચરના ગુરૂ તથા શનિની દૃષ્ટ્ર, અણધાર્યા આકસ્મિક ફેરફારો થાય. વક્રી ગોચર

(અનુસંધાન પાના.નં ૬ પર)

સેલ્ફી : ખુદ સે પ્યાર કરૂં... કિતના કરૂં!

ધ કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

આજકાલના દિવસોમાં એક શબ્દનું પ્રચલન પુષ્કળ વધી ગયું છે... સેલ્ફી! પોતાનો ફોટો જાતે જ મોબાઈલના કેમેરા વડે પાડીને જાતે જ અપલોડ કરવો! પોતાના ફોટા પાડવા બીજાનો આધાર નહિ...બોલો આમાં પણ સેલ્ફ રિલાયન્સ! હાલ માં નરેન્દ્ર મોદી એ પોતાનો કમળ સાથેનો સેલ્ફી મુક્યો, બીજી પાર્ટીઓ અને ઈલેકશન કમિશન ને જ રાઝ નાં આવ્યું... કેમ કે કમળ સાથેનું સેલ્ફી એક જાતનો પ્રચાર જ છે... પણ ભઈ એટલું પાકું કે... લડકા હો કી લડકી, અભિનેતા હો ય નેતા... દુનિયાના કોઈ પણ માણસને પોતાનો ચેહરો જોવો ગમે છે... રવાન્ડાના રસ્તાઓથી માંડીને રશિયાના જંગલો સુધી... સ્પેનીશ બ્યુટી હોય કે કોરીયન કન્યા... છોકરો ઈંગ્લેન્ડના કોઈ ગામ નો હોય કે પછી શાંઘાઈની સડકો પર ઘૂમતો હોય... દરેક ને પોતાની જાતને નિહાળવી... પંપાળવી ગમે છે. સેલ્ફી એ જાણે પોતાની જાતનું જ એક ડીજીટલ એક્સ્ટેન્શન છે.

નાર્સિસની ગ્રીક કથા બહુ જાણીતી છે... નાર્સિસ નામનો એક શિકારી એની ખુબસુરતી માટે ખુબ જ જાણીતો હતો... અને એને પોતાની સુંદરતા પર ગર્વ હતો. નેમેસીસને આ વાત પસંદ નહોતી... અને આ વાત જાણતા નેમેસીસે નાર્સીસને પોતાનો ચેહરો નદીના પાણીમાં દેખાડ્યો અને નર્સીસ પોતાના જ પ્રતિબિંબને ઓળખી શક્યો નહિ અને તે પ્રતિબિંબના મોહમાં જ સરી પડ્યો અને તેને મેળવવા નદી ના પાણીમાં કુદીને મરી ગયો. આવી જ એક કથા આરબ પ્રદેશમાંથી પણ મળે છે પણ ત્યાં નામ નરગીસ છે, નરગીસને પોતાના પ્રતિબિંબથી પ્રેમ થઈ જાય છે અને